# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**હેરીટેજ વિભાગ,બ્લોક-એ, પ્રથમ માળ,**
**હેરીટેજ બિલ્ડીંગ ,સરદાર પટેલ ભવન,**
**ખમાસા,દાણાપીઠ,**
**અમદાવાદ.૩૮૦૦૦૧.**

---

**તા.૦૪/૦૨/૨૦૧૬**

(સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૫/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક :-પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪- આર.ટી.આઇ. સેલનું બિડાણ)

**<u>પ્રમાણપત્ર</u>**

આથી પ્રમાણિત કરવામાં આવે છે, કે મારી વડી કચેરી (પ્રોપર) તથા મારા વહીવટી કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના જાહેર સત્તામંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ કલમ -૪ અંતર્ગત સ્વંય જાહેર કરવાની બાબતો (પ્રોએકટીવ ડિસ્કલોઝર)( પી.એ.ડી.) તૈયાર કરવામાં આવી છે અને તા.૧/૫/૨૦૧૫ની સ્થિતિએ તે અધતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા માહે મે / જુન - ૨૦૧૫ દરમ્યાન ઈન્સપેકશન-કમ - ઓડીટ કરવામાં આવ્યું છે. અને જે બાબતે ક્ષતિ જણાઇ હતી અગર તો અપુરતી વિગતો જણાઇ હતી તેની પુર્તતા કરાવવામાં આવી છે.

(૨) તા.૩૦/૦૬/૨૦૧૫ ની સ્થિતીએ હવે કોઇ જાહેર સત્તામંડળોના પ્રોએકટીવ ડિસ્કલોઝર ( પી.એ.ડી.)નું ઈન્સપેકશન-કમ-ઓડીટ બાકી રહેલ નથી.

**એડીશનલ સીટી ઈજનેર**
**(મ.ઝોન/હેરીટેજ)**

**બિડાણ :-** પ્રોએકટીવ ડિસ્કલોઝરની માહીતી.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

# હેરીટેજ વિભાગ

# માહિતી અધિકાર અધિનિયમ - ૨૦૦૫

# અંતર્ગત કલમ ૪ (૧) બી (૧) મુજબ

# ખાતાનુ  પ્રો - એક્ટિવ ડિસ્કલોઝર

# ઓર્ગેનાઈઝેશન ચાર્ટ



# વિભાગની કચેરી તથા અધિકારીની માહિતી

**કચેરીનું સ્થળ :-** બ્લોક- એ, પ્રથમ માળ, હેરીટેજ બિલ્ડીંગ,
સરદાર પટેલ ભવન, દાણાપીઠ, ખમાસા,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન.
અમદાવાદ - ૩૮૦૦૦૧.
ફોન નં.૨૫૩૫૧૦૧૯.

| અનુ નં. | નામ | હોદો | પગાર / ગ્રેડ |
|---|---|---|---|
| ૧. | શ્રી અમીતભાઇ પટેલ | એડીશનલ સીટી ઇજનેર (હેરીટેજ) | ૩૭૪૦૦ - ૬૭૦૦૦ |
| ૨. | શ્રી પી. કે. વાસુદેવન નાયર | ડે.જનરલ મેનેજર(હેરીટેજ પ્રોજેકટ) | કોન્ટ્રાકટ બેઇઝ |
| ૩. | શ્રી દેબાશીષ નાયક | એડવાઇઝર | માનદ સેવા |
| ૪. | શ્રી હરેશ એ. પટેલ | આસી.મેનેજર | ૯૩૦૦ - ૩૪૮૦૦ |
| ૫. | શ્રી ભારતીબેન ડી. પટેલ | આસી. સીટી ઇજનેર | ૯૩૦૦ - ૩૪૮૦૦ |
| ૬. | શ્રી જીતેન્દ્ર પંચાલ | આસી. સીટી ઇજનેર | ૯૩૦૦ - ૩૪૮૦૦ |
| ૭. | શ્રી ગુંજન વી. પટેલ | આસી. ઇજનેર | ૯૩૦૦ - ૩૪૮૦૦ |
| ૮. | શ્રી ડી. કે. બુમતારીયા | જુનીયર ડ્રાફ્ટસમેન | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૯. | શ્રી ધવલ એમ. દલાલ | જુની. ક્લાર્ક | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૧૧. | શ્રી આર.જી. ઠાકોર | પટાવાળા | ૪૪૪૦ - ૭૪૪૦ |
| ૧૨. | શ્રી ભરતભાઇ એચ.કટકીયા | પટાવાળા | ૪૪૪૦ - ૭૪૪૦ |

# હેરીટેજ વિભાગની કામગીરીની વિગત

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરીટેજ વિભાગ દ્વારા શહેરના ભવ્ય વારસાની જાળવણી અને નાગરિકોમાં તેનું ગૌરવ જાગૃત કરવાની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. હેરીટેજ સેલ દ્વારા શહેરની મુલાકાતે આવતા પ્રવાસી અને નગરજનોને અમદાવાદ શહેરના સ્થાપત્ય,કલા, ધાર્મિક સ્થળો, પોળો તેમજ સંસ્કૃતિ અને પરંપરાઓનો પરિચય કરાવવાના ઉદ્દેશ્યથી હેરીટેજ વોક ઓફ અમદાવાદ **"અમદાવાદની અસ્મિતા યાત્રાનું"** આયોજન કર્યુ છે.આ હેરિટેજ વોક દરરોજ સવારે ૮-૦૦ વાગે સ્વામિનારાયણ મંદિર,કાલુપુરથી શરૂ થઇ ૧૦-૩૦ વાગે માણેકચોક,જુમ્મા મસ્જિદ પુરી થાય છે.જેમાં પ્રવાસીઓને ગાઇડ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

હેરીટેજ વિભાગ દ્વારા અમદાવાદ શહેરના જે અગ્રણીઓએ સ્વાતંત્ર્ય જંગમાં વિશિષ્ટ સેવા પ્રદાન કર્યુ તેમના વિશે નવી પેઢી અને અન્ય પ્રવાસીઓને માહિતગાર કરવા માટે ક્રાંતિની ઘટનાઓ અને તેની સાથે સંકળાયેલા વિરલ પુરૂષો વિશે સંશોધન અને માહિતી સંપાદનનું કામ હાથ ધરી તેની ફલશ્રુતિરૂપે અમદાવાદની ક્રાંતિયાત્રા - સ્વાતંત્ર્ય સંગ્રામના સંસ્મરણ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.આપણા હેરીટેજના અમુલ્ય વારસા અંગે નગરજનોની જાણકારીમાં વધારો થાય, તથા તેની જાળવણી કરવા માટે, સમયે-સમયે જુદા-જુદા કાર્યક્રમો કરવામાં આવે છે.

આ ઉપરાંત હેરીટેજ વિભાગ દ્વારા કોટ વિસ્તારમાં આવેલ પ્રાચીન કલાકૃતિ અને, ચબુતરાઓ,વાવ,ફોર્ટ વોલ,અને ધાર્મિક સ્થળો વિગેરે રીપેરીંગ કરવાનું કામ તથા કોતરણી વાળા હેરીટેજ મુલ્ય ધરાવતા મકાનો રીપેરીંગ કરાવવા માટે ટેકનીકલ માર્ગદર્શન પુરું પાડવામાં આવે છે.